NAVSARI AGRICULTURAL UNIVERSITY
ડૉ. જી.આર.પટેલ
વિસ્તરણ શિક્ષણ નિયામક

# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

નવસારી કૃષિ યુનિવર્સિટી
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦
ફોન : ૦૨૬૩૭–૨૮૨૦૨૬, ફેક્સ : ૦૨૬૩૭–૨૮૨૭૦૬
E-mail : dee@nau.in, Website : www.nau.in

જા.નં.નકૃયુ/વિશિનિ/ડી–૧/૧૫૬૧–૭૭ /૨૦૧૬ તા. ૦૨/૦૫/૨૦૧૬

**પ્રતિ,**

| | | |
|---|---|---|
| ૧ | ડૉ. બી.જી.સોલંકી(કપાસ), સંશોધન વૈજ્ઞાનિકશ્રી,મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, અઠવા લાઈન્સ, સુરત. | સુરત |
| ૨ | ડૉ. ડી.કે.શર્મા, સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નકૃયુ, પરીઆ, તા.પારડી, જિ.વલસાડ. | વલસાડ |
| ૩ | ડૉ. જે.જી.પટેલ, પ્રાધ્યાપકશ્રી, કૃષિ કોલેજ, નકૃયુ, મકતમપુર, ભરૂચ | ભરૂચ |
| ૪ | ડૉ. ઝેડ.પી. પટેલ આચાર્યશ્રી, કૃષિ કોલેજ, ન.કૃ.યુ., વઘઈ (ડાંગ), જિ.ડાંગ. | ડાંગ |
| ૫ | ડૉ. જે.એચ.રાઠોડ, પ્રોગ્રામ કો–ઓર્ડિનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., પારસી ટેકરા, ડેડીયાપાડા, જી.નર્મદા. | નર્મદા |
| ૬ | ડૉ.વી.પી.ઉસદડીયા, સંશોધન વૈજ્ઞાનિકશ્રી, જળ અને જમીન વ્યવસ્થાપન એકમ, નકૃયુ, નવસારી. | નવસારી |
| ૭ | ડૉ. સી.ડી. પંડયા, પ્રોગ્રામ કોઓર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃય, વ્યારા. | તાપી |

**વિષયઃ–** કૃષિ મહોત્સવ–૨૦૧૬ માં જિલ્લા નોડલ તરીકેની નિમણુંક બાબત..

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, માન. સરકારશ્રી દ્વારા આગામી તારીખઃ૦૯/૦૫/૨૦૧૬ થી ૩૧/૦૫/૨૦૧૬ સુધી કૃષિ મહોત્સવ–૨૦૧૬ ની રાજય વ્યાપી ઉજવણી થનાર છે. આ કૃષિ મહોત્સવ–૨૦૧૬માં આપણી કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો તરફથી દરેક તાલુકાના જે તે વિસ્તારના પાકને અનુરૂપ સેમીનાર અને કૃષિ પ્રદર્શન–વ– કૃષિ સેલ્સના કાર્યક્રમોમાં ખેડૂતોને માર્ગદર્શન આપવાનું થાય છે. આ કૃષિ વૈજ્ઞાનિકોની સેવા અસરકારક અને વ્યવસ્થિત રીતે જે તે વિસ્તારના ખેડૂતોને પહોંચે તેની સાથે કૃષિ વૈજ્ઞાનિકો આયોજનબધ્ધ સેવા આપી શકે તે માટે સંકલનની જવાબદારી અર્થે માનનીય કુલપતિશ્રીની આજ્ઞાનુસાર આપની ....................જિલ્લાના નોડલ ઓફિસર તરીકે નિમણૂંક કરવામાં આવે છે. આપના જિલ્લાના નકકી કરવામાં આવેલ સ્થળે સેવા આપનાર વૈજ્ઞાનિકોની યાદી હાલ તૈયાર થઈ રહી છે, જે નકકી થયે આપને મોકલી આપવામાં આવશે.

| જિલ્લા નોડલ તરીકેના મહત્વના કાર્યો અને ફરજો | |
|---|---|
| ૧. | જે તે જિલ્લા વહીવટી તંત્ર તરફથી કૃષિ મહોત્સવ–૨૦૧૬ માટે અવારનવાર બોલાવવામાં આવતી બેઠકોમાં યુનિવર્સિટીના પ્રતિનીધી તરીકે હાજરી આપવી. |
| ૨. | કૃષિ મહોત્સવ–૨૦૧૬ અંતર્ગત યોજાનાર પ્રદર્શનમાં યુનિવર્સિટીના દસ સ્ટોલની પ્રદર્શન સામગ્રી પ્રદર્શિત કરવાની રહેશે, જેના માટે આપની કક્ષાએથી જરૂરીયાત મુજબની વૈજ્ઞાનિકોની ટીમ (પાંચ વૈજ્ઞાનિકો) સાથે લઈ જવાની જવાબદારી આપની રહેશે. સદર પ્રદર્શનની સામગ્રી અત્રેની વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી તરફથી આપવામાં આવશે. |
| ૩. | કૃષિ મહોત્સવના કાર્યક્રમ દરમ્યાન કોઈક મહાનુભાવો કે મંત્રીશ્રીઓ ઉપસ્થિત રહેવાના હોય તે સમયે જિલ્લા નોડલ તરીકે અવશ્ય હાજર રહેવું તથા અત્રેની કચેરી તે બાબતની જાણ કરવી. |
| ૪. | કૃષિ તજજ્ઞ તેના સમયગાળા દરમ્યાન ગેરહાજર રહે તો આપની કક્ષાએથી સદર સમયગાળા માટે કૃષિ તજજ્ઞોની વ્યવસ્થા ગોઠવી લેવી. |
| ૫. | ગુજરાત રાજયના ખેતીવાડી ખાતાના જિલ્લા ખેતીવાડી અધિકારી/નાયબ ખેતી નિયામક(વિસ્તરણ) તથા અન્ય લાઈન ડીપાર્ટમેન્ટ તેમજ સરકારી વહીવટી તંત્ર સાથે યોગ્ય સંકલન કરી કાર્યક્રમ સફળ થાય તેવું આયોજન કરવું. |
| ૬. | કૃષિ ખાતાના કૃષિ મહોત્સવ–૨૦૧૬ સાથે સંકળાયેલ કર્મચારીઓ સાથે અત્રેની કૃષિ યુનિવર્સિટીના કૃષિ તજજ્ઞોનો પરિચય કરાવી સંકલનની વ્યવસ્થા ગોઠવવી. |
| ૭. | કૃષિ મહોત્સવ–૨૦૧૬ દરમ્યાન નોંધપાત્ર કાર્યક્રમ જેવા કે, વૈજ્ઞાનિકોની ખેડૂતો સાથેની પ્રશ્નોત્તરીના તેમજ આપને યોગ્ય જણાય એવા ફોટોગ્રાફસ સોફટ કોપીમાં અત્રેની કચેરીમાં પહોંચતા કરવા. |

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

નકલ જયભારત સહ રવાનાઃ–

(૧) ખેતી નિયામકશ્રી, ખેતી નિયામકશ્રીની કચેરી, સેકટર–૧૦ એ, "ચ" રોડ, કૃષિભવન, ગાંધીનગર તરફ જાણ થવા સારું.
(૨) પશુપાલન નિયામક અને કન્વીનર, કૃષિ મહોત્સવ કેન્દ્રીય મોનીટરીંગ સેલ, કૃષિભવન, ગાંધીનગર તરફ જાણ થવા સારું.
(૩) જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, નવસારી/સુરત/ડાંગ/ભરૂચ/વલસાડ/તાપી/નર્મદા તરફ જાણ થવા સારું.
(૪) સહ પ્રાધ્યાપકશ્રી, ગુજરાત રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ, પોડીયમ લેવલ, કૃષિભવન, ગાંધીનગર.